નિર્મળ બાબાની સંપત્તિ પર ઈન્કમટેક્સ ખાતાની નજર

નવી દિલ્હી,તા. ૧૪

ટીવી ચેનલો પર થર્ડ આઈ ઓફ નિર્મળ બાબા નામની જાહેરાત દર્શાવીને શ્રદ્ધાળુઓને આકર્ષત કરનાર નિર્મળ નરુલા ઉર્ફે નિર્મળ બાબાની મુશ્કેલીઓ દિનપ્રતિદિન વધી રહી છે. ભારે હોબાળો મચી ગયા બાદ શ્રદ્ધાળુઓમાં પણ તેને લઈને નારાજગી ફેલાઈ રહી છે. શ્રદ્ધાળુઓના ઘટતાં જતા વિશ્વાસથી આગામી દિવસોમાં વધુ મુશ્કેલ નડી શકે છે. ઝારખંડના એક અખબારના ખુલાસા બાદ એમ કહેવામાં આવી રહ્યું છે કે ઈન્કમટેક્સ વિભાગની નજર હવે નિર્મળ બાબા ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. ઈન્કમટેક્સ વિભાગના સૂત્રોનું કહેવું છે કે વિભાગ તેમની કમાણી અને રિટર્નમાં ચકાસણી કરશે. અખબારે દાવો કર્યો છે કે નિર્મળ બાબાને બે બેંક ખાતામાં માત્ર આ જ વર્ષમાં હજુ સુધી ૨.૩૨ કરોડ રૂપિયા જમા થયા છે. દરમિયાનમાં દેશના જુદા જુદા ભાગોમાં લોકો નિર્મળ બાબાની સામે કેસ નોંધાવી

રહ્યા છે. લખનૌઉના ગોમતીનગર વિસ્તારમાં બે બાળકો તાનિયા ઠાકુર અને તેમના ભાઈ આદિત્ય ઠાકુરે તેમની સામે પહેલાંથી જ ફરિયાદ કરી દીધી છે. હવે ભોપાળના અરેરા કોલોનીમાં રહેનાર રાજેશ સેને પણ નિર્મળ બાબાની સામે ફરિયાદ દાખલ કરી દીધી છે. સેને આક્ષેપ કર્યો છે કે બાબાએ તેમને કહ્યું હતું કે ઘરમાં કાળા પર્સ રાખવાથી તેમની સમસ્યા દૂર થઈ જશે. પરંતુ આવું થયું નથી. બીજી બાજુ એક ચેનલ સાથેની વાતચીતમાં બાબાએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે તેઓએ ક્યારેય પણ ચમત્કારના દાવા કર્યા નથી. જો કે નિર્મળ બાબાએ કબૂલાત કરી હતી કે તેમના પર ભગવાનની ચોક્કસપણે કૃપા થયેલી છે. અખબારે દાવો કર્યો છે કે નિર્મળ બાબાના બે ખાતા છે. એક નિર્મળ દરબારના નામથી છે જેના નંબર ટીવી ઉપર દર્શાવવામાં આવે છે. જ્યારે બીજું ખાતું નિર્મળજીતસિંહ નરુલાના નામથી છે. નિર્મળ દરબારના નામથી ચાલતા ખાતામાં આ વર્ષે જાન્યુઆરીથી હજુ સુધી ૧૦૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવી ચૂક્યા છે. તેમના પર્સનલ એકાઉન્ટ નંબર ૧૫૪૬૦૦૦૧૦૨૧૨૯૬૯૪માં અખબાર મુજબ ૪થી જાન્યુઆરી ૨૦૧૨થી ૧૩મી એપ્રિલ ૨૦૧૨ સુધીના ગાળામાં ૧૨૩ કરોડથી વધુ રકમ જમા કરવામાં આવી ચૂકી છે. નિર્મળ બાબા પોતે ટીવી ચેનલની વાતચીતમાં કહી ચૂક્યા છે કે ફોર્જરીથી બચવા માટે તેઓએ માત્ર બે જ ખાતા રાખ્યા છે. આ ઉપરાંત બાબાના નામ ઉપર ૨૫ કરોડની ફિક્સ ડિપોઝીટ પણ છે. નિર્મળ બાબાના આવકના બે સાધન છે જેમાં શ્રદ્ધાળુઓ પાસેથી મળતી રકમ પણ સામેલ છે. તેમની સાથે કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા પાસેથી ૨૦૦૦ રૂપિયા વ્યક્તિદીઠ વસૂલવામાં આવે છે. આ ઉપરાંત ૧૦ વંદ ટેક્સનો મતલબ આવકના ૧૦માં હિસ્સાને બાબાની પાસે જમા કરવાની બાબત છે. આ ૨૬મ પૂર્ણિમા પહેલાં જમા કરાવવી પડે છે. નિર્મળ બાબાને લઈને જેમ વિવાદ વધી રહ્યો છે તેમ શ્રદ્ધાળુઓમાં પણ તેમની લોકપ્રિયતા ઘટી રહી છે.

આરબીઆઈ નિતી અંગે સુબ્બારાવની વડાપ્રધાન અને નાણાં પ્રધાન સાથે યોજાયેલ બેઠક

નવી દિલ્હી,તા. ૧૪

વાર્ષિક ક્રેડિટ પોલીસીની સમીક્ષા પહેલા રીઝર્વ બેંકના ગવર્નર ડી. સુબ્બારાવે આજે વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાં પ્રધાન પ્રણવ મુખર્જી સાથે વિસ્તારપૂર્વક બેઠક યોજી હતી. આ

બેઠકમાં માઈક્રો આર્થિક પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વિકાસની ગતિને ફરી એકવાર વધારવાના પાસા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આરબીઆઈ ૧૭મી એપ્રિલના દિવસે તેની નાણાંકીય નિતી સમીક્ષા જાહેર કરનાર છે. જેમાં વિવિધ પગલાની જાહેરાત કરવામાં આવે તેવી વકી છે. નાણાંકીય નિતીની સમીક્ષા પહેલા પરંપરાગતરીતે આરબીઆઈના ગવર્નર નાણાંપ્રધાનને મળે છે. ઉંચા વ્યાજદરની વ્યવસ્થાના કારણે ભારે અસર પામેલા ઈન્ડસ્ટ્રીઝને આરબીઆઈની નિતીનો ઈન્તજાર છે. મોટા ભાગની કંપનીઓ ઈચ્છે છે કે આર્થિક પ્રવૃતિઓને વેગ આપવા માટે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવે. ઉંચા વ્યાજદરના કારણે હાલમાં ભારે કફોડી હાલત બનેલી છે. જો વ્યાજદર ઉંચા રહેશે તો લોન મોંઘી રહેશે. તેની સીધી અસર તમામ પ્રવૃતિઓ પર પડશે. વર્ષ ૨૦૧૦ દરમિયાન અને વર્ષ ૨૦૧૧ના મોટા ભાગના ગાળા દરમિયાન ફુગાવાને લઈને ચિંતા રહી હતી. જો કે ફેબ્રુઆરીમાં ફુગાવો ઘટીને ૬.૯૫ ટકા થઈ ગયો હતો. માર્ચ ૨૦૧૦ બાદથી આરબીઆઈએ કઠોર નાણાંકીય નિતી જાળવી રાખી છે. આરબીઆઈએ ૧૩ વખત વ્યાજ દરમાં વધારો કર્યો હતો. જો કે આરબીઆઈએ છેલ્લી ત્રણ નિતી સમીક્ષામાં ચાવીરૂપ રેટ(રેપો)માં કોઈ વધારો કર્યો નથી. વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ભારતનો વિકાસ દર અગાઉના વર્ષમાં ૮.૪ ટકાની સામે ૬.૯ ટકા રહ્યો હતો. જો કે સરકાર માને છે કે વર્તમાન નાણાંકીય વર્ષમાં અર્થતંત્રનો જીડીપી દર ૭.૬ ટકાની આસપાસ રહેશે.

ગુજરાત-મહારાષ્ટ્રમાં ભૂકંપના બે આંચકાઓ

મુંબઈ,તા. ૧૪

ગુજરાત અને મહારાષ્ટ્રમાં આજે સવારે ભૂકંપના બે આંચકાઓના કારણે લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. લોકો ઘણી જગ્યાએ તેમના આવાસમાંથી બહાર દોડી આવ્યા હતા. કલાકોના ગાળામાં જ બે આંચકાનો અનુભવ લોકોએ કર્યો હતો. હાલમાં ભૂંકપના હળવા આંચકા ભારતમાં પણ જુદી જુદી જગ્યાએ સતત આવી રહ્યા છે. હાલમાં જ ઈન્ડોનેશિયામાં પ્રચંડ આંચકા બાદ દેશના જમ્મુ કાશ્મીર, પશ્ચિમ બંગાળ સહિતના અનેક ભાગોમાં આંચકા આવ્યા હતા. આ હળવા આંચકાની યાદમાંથી લોકો બહાર નિકળે તે પહેલા આજે સવારે ફરી એકવાર ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક ભાગો ધરતીકંપના કારણે હચમચી ઉઠ્યા હતા. પ્રથમ આંચકાની તીવ્રતા રીક્ટર સ્કેલ પર ૪.૫ અને બીજા આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૯ જેટલી આંકવામાં આવી હતી. હવામાન વિભાગના (પશ્ચિમ)ના અધિકારી રાજીવ નાયરે કહ્યું હતું કે પ્રથમ આંચકો સવારે ૮.૫૩ વાગે અનુભવાયો હતો. ત્યારબાદ બીજો આંચકો બે કલાક બાદ આવ્યો હતો. પ્રતમ આંચકો ગુજરાતમાં ભુજ ખાતે આવ્યો હતો. તેનુ કેન્દ્ર ભુજમાં હતુ. પ્રથમ આંચકાના આશરે બે કલાક બાદ ૧૧.૦૫ વાગે વધુ એક આંચકો આવ્યો હતો. બીજા આંચકાનુ કેન્દ્ર પશ્ચિમી મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં હોવાનુ જાણવા મળ્યું છે. નાયરે કહ્યું હતું કે આ બન્ને આંચકાની અસરને લઈને ચકાસણી કરવામાં આવી રહી છે. પરંતુ પ્રાથમિકરીતે કોઈ નુકસાનના સમાચાર મળ્યા નથી. પ્રથમ આંચકાની સરખામણીમાં બીજો આંચકો વધારે તીર્વ હતો. તેની અસર દેશના વાણિજ્ય

રાઈગઢ, રત્નાગારી, સિન્ધુદુર્ગ, સતારા અને પુણેના આસપાસના વિસ્તારોમાં અનુભવાઈ હતી. આ તમામ વિસ્તારોમાં રહેતા લોકોએ આંચકાનો અનુભવ કર્યો હતો. બોલિવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચને સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વીટર પર માહિતી આપતા કહ્યું છે કે તેમના આવાસમાં પણ આની અસર જોવા મળી હતી. થોડાક સેકન્ડ માટે બે વખત ઈમારત હચમચી ઉઠી હતી. અમિતાભ બચ્ચન મુંબઈના જુહુ વિસ્તારમાં રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાટનગર ગણાતા મુંબઈ, થાણે, દેશમાં તાજેતરના સમયમાં નાના મોટા આંચકા સતત આવતા રહ્યા છે. આના કારણે ભૂકંપ સાથે સંબંધિત વૈજ્ઞાનિકોમાં પણ ચકાસણી કરવામાં આવી રહી છે. વિશ્વના દેશોમાં પણ હાલમાં આંચકા વધારે નોંધાઈ રહ્યા છે. છેલ્લા એક દશકના ગાળામાં કેટલાક વિનાશકારી આંચકા આવી ચુક્યા છે. જેમાં લાખો લોકોના મોત થઈ ચુક્યા છે. ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને ખુબ જંગી વસ્તી ધરાવતા વિસ્તાર છે. અહીં વધુ તીવ્રતાના આંચકાથી ભારે નુકસાન થઈ શકે છે. થોડાક વર્ષો પહેલા ગુજરાતમાં પ્રચંડ ધરતીકંપના કારણે હજારો લોકોના મોત થયા હતા અને લાખો લોકોને પ્રતિકુળ અસર થઈ હતી. અનેક ગામડા સંપૂર્ણપણે સાફ શથઈ ગયા હતા. માત્ર ભારત જ નહી બલ્કે કેટલાક દેશો સૌથી વધારે ભૂકંપ પ્રભાવિત વિસ્તાર છે. જેમાં ઈન્ડોનેશિયા, જાપાન, ચીનનો સમાવેશ થાય છે. અહી આંચકા આવે છે. ભારતીય વૈજ્ઞાનિકોએ સંશોધનની પ્રક્રિયાને વધારે ઝડપી બનાવી દીધી છે.

પાર્કોના મામલે માયાવતી ખૂબ આક્રમક : અખિલેશને પડકાર

નવી દિલ્હી,તા. ૧૪

ઉત્તરપ્રદેશમાં પાર્ક અને સ્મારકોને લઈને મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી હવે સામ સામે આવી ગયા છે. આમ્બેડકર જયંતિના પ્રસંગે માયાવતીએ મુખ્યપ્રધાનને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે જો દલિત સમાજ સાથે સંકળાયેલી હસ્તીઓની યાદમાં બનાવવામાં આવેલા પાર્ક અને સ્મારકો સાથે ચેડા કરવામાં આવશે તો ખતરનાક પરિણામ આવશે. માત્ર ઉત્તરપ્રદેશ નહી બલ્કે દેશમાં કાયદો અને વ્યવસ્થાની

સમસ્યા ઉભી થઈ જશે. આના માટે અખિલેશ સિંહની સરકાર જવાબદાર રહેશે. અત્રે નોંધનીય છે કે અખિલેશ અનેક વખત કહી ચુક્યા છે કે પાર્કોમાં બનાવવામાં આવેલી મુર્તિઓ સાથે ચેડા કરવામાં આવસે નહી પરંતુ પાર્કોમાં બચી ગયેલી જગ્યાઓ પર હોસ્પિટલો અને કોલેજો બનાવવાની વાત પર ધ્યાન આપવામાં આવશે. અખિલેશે દિલ્હીમાં આજે વડાપ્રધાન મનમોહનસિંહ સાથે વાતચીત કર્યા બાદ તેમનુ આ મુજબનું આક્રમક વલણ જાહેર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે જે લોકોએ પત્થરની મૂર્તિઓ સ્થાપિત કરી હતી તે લોકોને મતદારોએ વોટ મારફતે બહાર કરી સજા આપી છે. અખિલેશે કહ્યું હતું કે જ્યાં સુધી આ મુર્તિઓની વાત છે અને પાર્કોના નિર્માણમાં ભ્રષ્ટાચારની વાત છે તેમાં સરકાર તપાસ કરશે. જે વેળા અખિલેશ દિલ્હીમાં વાતચીત કરી રહ્યા હતા ત્યારે માયાવતી પણ લખનૌમાં આક્રમક મુડમાં દેખાઈ રહ્યા હતા. માયાએ કહ્યું હતું કે જો પાર્કોમાં કોઈ પણ પ્રકારના નિર્માણની કામગારી હાથ ધરાશે તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને ખરાબ કરવા માટેની જવાબદારી સરકારની હશે.

આરટીઇનો ભંગ કરનાર સ્કુલોની વિરુદ્ધ પગલાં

લખનૌ,તા. ૧૪

ઉત્તરપ્રદેશ સરકારે આજે ચેતવણી આપી હતી કે રાઇટ ટુ એજ્યુકેશન અંગે સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં નહી લેનાર સામે કઠોર પગલા લેવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ પ્રધાન રામ ગોવિન્દ ચૌધરીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશને કઠોર રીતે અમલી બનાવવામાં આવે તે જરૂરી છે. જો આદેશોને પાળવામાં આવશે નહી તો સ્કુલોની માન્યતા રદ કરવામાં આવી શકે છે. તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગરીબ બાળકો માટે સ્કુલોને ૨૫ ટકા સીટ અનામત રાખવી પડશે. આ ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓની જેવી જ સુવિધાઓ પણ આપવી પડશે. ચૌધરીએ કહ્યું હતું કે તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશનું સ્વાગત કર્યું છે.

કેન્સરના દર્દીઓને કસરત કરવાથી ખૂબ મોટો ફાયદો

લંડન, તા. ૧૪

કેન્સરના દર્દીઓને આવરી લઈને તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને માહિતીરૂપ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કસરત કેન્સરના દર્દીઓ માટે વન્ડર ડ્રગ સમાન છે. કેન્સરના દર્દીઓને કસરત કરવાથી ખૂબ મોટો ફાયદો થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કેન્સરથી પીડાતા તમામ દર્દીઓને દર સપ્તાહમાં બેથી અઢી કલાક સુધી શારીરિક કસરત કરવી જોઈએ. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સારવાર લેવામાં આવ્યા બાદ સંપૂર્ણ આરામ અને નિયમિત પણે કસરત કરવાથી ફાયદો થાય છે. રિસર્ચમાં જાણવા મળ્યું છે કે કસરતથી કેન્સરના કારણે મોત થવાના ખતરામાં ઘટાડો થઈ જાય છે અને સારવારની અસરને ઘટાડવામાં કસરત મદદરૂપ થાય છે. ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થે કહ્યું છે કે સ્થાનિક નવી પહેલથી પણ ફાયદો થાય છે. મેકમિલન કેન્સરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બ્રિટનમાં ૨ મિલિયનથી વધુ કેન્સરથી ગ્રસ્ત લોકો પૈકી ૧.૬ મિલિયન જેટલા લોકો શારીરિક રીતે સક્રિય રહેતા નથી. એડલ્ટ કેન્સરના દર્દીઓ અને કેન્સરથી બચી ગયેલા લોકોએ દર સપ્તાહમાં ૧૫૦ મિનિટ સુધી હળવી કસરત કરવી જોઈએ. રિપોર્ટમાં જણાવાયું છે કે સતત સક્રિય રહેવાથી ફાયદો મળે છે. અહેવાલમાં અમેરિકન કોલેજ ઓફ સ્પોર્ટ્સ મેડીસિને ભલામણ કરી છે કે કસરત ખૂબ જ સુરક્ષિત છે. મોટા પ્રકારના કેન્સરની સારવાર બાદ કસરત આદર્શરૂપ છે. કેન્સરથી બચી ગયેલા લોકોએ સક્રિય રહેવાની જરૂર છે. સતત સક્રિય રહેવાથી કેન્સરની અસરમાંથી બહાર નીકળવામાં મદદ મળે છે. પુરાવાની સમીક્ષા દર્શાવે છે કે શારીરિક કસરતથી સારવાર દરમિયાન થાકમાં વધારો થતો નથી.

દેશના વિદેશી હુંડિયામણ ભંડોળમાં ફરીવાર ઘટાડો

મુંબઈ,તા. ૧૪

દેશના વિદેશી હુંડિયામણ ભંડોળમાં છઠ્ઠી એપ્રિલના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન ૧.૪૭ અબજ ડોલરનો ઘટાડો થયો છે. આ સપાટી છેલ્લા બે મહિનાના ગાળામાં સૌથી નીચી સપાટી છે. રૂપિયાની કિંમતમાં ઘટાડાને કાબુમાં લેવા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ડોલરના વેચાણના કારણે આ સ્થિતી સર્જાઈ હોવાના અહેવાલ મળ્યા છે. વિદેશી ચલણ સંપત્તિમાં ૧.૪૨ અબજ ડોલર સુધીનો ઘટાડો થયો છે. આની સાથે જ વિદેશી ચલણ સંપત્તિ નો આંકડો ઘટીને ૨૫૮.૬૫ અબજ ડોલરની સપાટીએ પહોંચ્યો છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા આંકડાકીય નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન આંકડામાં ઘટાડો થયો છે.

આરટીઈ પ્લાન માટે ૨.૩ લાખ કરોડની જરૂર પડશે

નવી દિલ્હી,તા. ૧૪

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (આરટીઈ) હેઠળ તમામ માન્યતા પ્રાપ્ત સ્કૂલોને લઈ લેવાના સુપ્રિમકોર્ટના આદેશની સાથે જ સરકારને પણ હવે આ દિશામાં આગળ વધાવા માટે ખૂબ જ સાવધાનીપૂર્વકની ગણતરી કરવી પડશે. સરકારને વર્ષ ૨૦૧૦-૧૪ સુધીના ગાળામાં ખર્ચની રકમને વધારાવામા પણ જરૂર પડશે. કુલ આરટીઈ બીલ સ્કૂલ શિક્ષણ માટે વર્ષ ૨૦૧૨-૧૩માં કરવામાં આવેલી ૪૮૭૮૧ કરોડની ફાળવણી કરતા ૫ ગણુ વધારે હશે. આ આંકડા સરકારને મુશ્કેલીમાં મુકી શકે છે. ભારતની કુલ વાર્ષિક સબસીડી ૧.૯ લાખ કરોડની છે. તેના કરતા પણ સરકારને વધુ રકમ ખર્ચ કરવી પડશે. મળેલા અંદાજ મુજબ સરકારને તેના ફ્લેકશીપ કાર્યક્રમ ઉપર ખર્ચને આરટીઈ પ્લાન માટે વધારીને ૨.૩ લાખ કરોડ સુધી લઈ જવાની જરૂર પડશે. વર્ષ ૨૦૧૦-૧૪ના ગાળામાં આ પહેલને પહોંચી વળવા જંગી રકમની જરૂર રહેશે. નાણાની અછતના કારણે આરટીઈની હાલત છેલ્લા બે નાણાકીય વર્ષમાં મુશ્કેલરૂપ રહી છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલયને ૪૩૯૦૩ કરોડના બદલામાં વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૧૦૦૦ કરોડ મળ્યા હતા. વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં આ ફાળવણી વધારવામાં આવી હતી. પરંતુ આ રકમ માત્ર ૨૫ હજાર કરોડ જ કરી દેવામાં આવી હતી. ૬૫ઃ ૩૫ના રેસિયો મુજબ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચવામાં આવનાર રકમ ૨.૩ લાખ કરોડની રહેશે. આમા વધારો પણ થઈ શકે છે. કારણ કે આમા સબસીડીનો સમાવેશ કરવામાં આવી નથી. આ સબસીડી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ૨૫ ટકા ક્વોટાને અમલી બનાવવા ખાનગી સ્કૂલોને આપવામાં આવે છે. સર્વશિક્ષા અભિયાનની સફળતા બાદ સરકારનું ઉત્સાહ વધી ગયો છે.

બિટ્ટુ બોસ : દેખે ઉસકા ભલા, ન દેખે ઉસકા ઔર ભી ભલા!!!

પૈસા હોય એટલે સમૃધ્ધિ અને સફળતા કહેવાય. પરન્તુ જેની પાસે પૈસા, સમૃધ્ધિ અને સફળતા હોય એ માણસ 'મોટો માણસ' હોય એવું ન પણ હોય. સફળતા અને સમૃધ્ધિ વિનાનો નાનો માણસ પણ મન - હૃદયથી મોટો માણસ હોઈ શકે. ટૂંકમાં સફળતા એટલે માત્ર નામ અને દામ કમાવવાનું એટલું જ નહીં. હૃદયની સમૃધ્ધિ પણ સફળતા જ છે. આવી વનલાઈન સ્ટોરી અને નવોદિત અભિનેતા - અભિનેત્રી અને નવોદિત દિગ્દર્શક ધરાવતી ફિલ્મ 'બિટ્ટુ બૉસ' હાઉસફુલ-૨ ના 'ફૂલ હાઉસ' ની ભારે અસર હેઠળ રિલીઝ થઈ છે.

ગયા વર્ષે 'પ્યાર કા પંચનામા' જેવી થોડી-ઘણી ચાલેલી ફિલ્મના નિર્માતા કુમાર મંગત પાઠક અને દીકરા અભિષેક પાઠકની ફિલ્મ 'બિટ્ટુ બૉસ' હલ્કી ફુલ્કી સામાન્ય કક્ષાની ફિલ્મ છે.

પંજાબના આનંદપુર સાહિબ નામના એક નાનકડા શહેરમાં બિટ્ટુ (પુલકિત સમ્રાટ) લગ્નનો વિડિયોગ્રાફર છે. નાના ગામોમાં ફોટોગ્રાફર - વિડિયોગ્રાફરની બોલબાલા હોય છે એમ બિટ્ટુની બોલબાલા છે. બિટ્ટુ પાસે શૂટિંગ માટે તારીખ ન હોય તો લોકો પોતાના લગ્નની તારીખમાં ફેરફાર કરે છે. બિટ્ટુ પોતાની આવી લોકપ્રિયતાથી ખુશ છે. કામ કરવાની તેની પોતાની આગવી પધ્ધતિ છે. પોતાની શૂટ કરેલી વિડિયો જોઈને લોકોના ચહેરા ખુશીથી છલકાઈ ઊઠે એટલી જ એની ખેવના. ભલો ભોળો, સારા હૃદયનો બિટ્ટુ પોતાના કામ અને કમાણીથી ખૂશ છે. એક લગ્નમાં તેને હીરોઈન મૃણાલિની (અમિતા પાઠક) નો ભેટો થાય છે. અમિતા પાઠક પૈસાદાર પરિવારની અને પ્રગતિશીલ મિજાજની છે. તે બિટ્ટુ સાથેની મૈત્રીને લઈને બિટ્ટુની પ્રગતિ ઈચ્છે છે અને પોતાના એક પરિચિત સાથે બિટ્ટુને તક આપવાની વાત કરે છે. વાત વણસે છે અને બિટ્ટુ બૉસ છટકે છે. તે પણ સફળ માણસ - પૈસાદાર માણસ થઈને બતાવશે એવો પડકાર ફેંકી બેસે છે.

પૈસાદાર થવા માટે બિટ્ટુ અનૈતિક માર્ગે જવા મન તો બનાવી લે છે, પરન્તુ તેની અંદર પડેલો સારો આત્મા તેને ખોટાં કામ કરતા અટકાવે છે. આખરે નહીં આવવા જેવા ટ્વીસ્ટમાં ફિલ્મ થોડી અટવાય છે અને હેપ્પી ફિલ્મનો હેપ્પી એન્ડિંગ આવે છે...

ફિલ્મના દિગ્દર્શક સુપવિત્ર બાબુલની આ પહેલી ફિલ્મ છે. દિગ્દર્શક તરીકેની પહેલી જ ફિલ્મ હોવા છતાં દિગ્દર્શનમાં મૅચ્યોરિટી દેખાય

છે. શિમલામાં બિટ્ટુ બૉસ તેની મૃણાલિનીને મળે છે અને 'ધી એન્ડ' આવવામાં જ હોય છે ત્યાં અકારણ નવો ફણગો ફોડીને ફિલ્મના લેખક તરીકે સુપવિત્ર બાબુલે કંઈક અજૂગતું કર્યું હોય એવું ચોક્કસ લાગે છે. આ જર્કને નજર અંદાજ કરીએ તો આ ફિલ્મ નાનકડી કેડી પર સરળતાથી સરકી જતી હોય એવું લાગે. ફિલ્મનો સ્ક્રીન પ્લે પણ ખૂબ જ ઓછા ચઢાવ-ઉતારવાળો અને ઓછો નાટકીય છે. સરળતાથી એ આ ફિલ્મનો મુખ્ય સ્વભાવ છે.

અભિનેતા બિટ્ટુ બૉસ - પુલકિત સમ્રાટની આ પહેલી ફિલ્મ છે. 'બેન્ડ, બાજા બારાત' વાળા રણવીર સિંઘ અને રણબીર કપૂર જેવા લૂક વાળો

પુલકિત સમ્રાટ બાલાજીની ઐતિહાસિક ટી.વી. સિરિયલ 'ક્યોંકી સાસ ભી કભી બહૂ થી' ના લક્ષ્ય વિરાણી તરીકે થોડો ઘણો જાણીતો છે. ૨૯ વર્ષીય પુલકિત સમ્રાટ મૂળ દિલ્હીનો છે. દિલ્હીમાં થિયેટરમાં અભિનય કર્યા પછી એકાએક બાલાજી તરફથી તેને 'ક્યોંકી...' માં રોલ ઑફર થયો અને એવી જ રીતે કુમાર મંગત પાઠકે પુલકિત સમ્રાટને બિટ્ટુ બૉસ' બનાવી દીધો. પહેલી જ ફિલ્મ હોવાથી પુલકિત સમ્રાટે પોતાની હાજરીની નોંધ લેવાય એ માટે પોતાની જાત નિચોવી નાખી છે. પુલકિતની હેર સ્ટાઈલને છોડીને આમ તો બધું જ ચલાવી લેવા જેવું છે. નવોદિતોની પહેલી ફિલ્મોની તુલનામાં પુલકિત સમ્રાટનો અભિનય પણ નોંધનીય તો કહેવાય જ. ડાન્સ સિક્વન્સમાં તો પુલકિત સમ્રાટ વધુ પાવરધો લાગે છે. વિડિયો શૂટર તરીકેની સ્ટાઈલ અપનાવવા માટે તે થોડા દિવસો દિલ્હીમાં પોતાના એક વિડિયો શૂટર મિત્ર સાથે રહ્યો હતો. હિન્દી ભાષી પુલકિત સમ્રાટે પંજાબી ભાષા અને શૈલી અપનાવવા માટે ભારે મજૂરી કરી પડી હશે. ટૂંકમાં નવોદિત હોવા છતાં પુલકિતે નિરાશ નથી કર્યાં.

તો સામે અમિતા પાઠકને પોતાના પિતા અને ભાઈની ફિલ્મ હોવાનો પુરતો ફાયદો મળ્યો છે. બે વર્ષ પહેલાં શેખર સુમનના દીકરા અધ્યયન સુમન સાથે ફિલ્મ 'હાલ-એ-દિલ' માં પહેલી વખત પરદા પર દેખાયેલી નિર્માતા કુમાર મંગત પાઠકની દીકરી અમિતા પાઠકે 'આકોશ' નામની એક ફિલ્મ પણ કરી હતી. આ બંને ફિલ્મોમાં અમિતા પાઠકની નોંધ લેવી પડે એવું કંઈ થયું નથી, અને 'બિટ્ટુ બૉસ' પણ અમિતા પાઠકના ખાતામાં કંઈ ઉમેરી જશે એવું નહીં બને. અમિતા પાઠકના અભિનયમાં તાજગીનો અભાવ વર્તાય છે. 'બિટ્ટુ બૉસ' નું શૂટીંગ તેમના પોતાના માદરે વતન આનંદપુર સાહિબમાં જ થયું હોવાથી અમિતા પાઠકના અભિનયમાં આત્મ વિશ્વાસ વર્તાય છે, પરન્તુ તેની આ ભૂમિકા માટે જે તાજગીની આવશ્યકતા હતી તેની ઉણપ વર્તાય છે.

'બિટ્ટુ બૉસ' નું સંગીત સામાન્ય કક્ષાનું કહી શકાય. ફિલ્મમાં લગ્ન જ પાશ્ચભૂમિમાં છે એટલે પંજાબી લોકગીતો - લગ્નગીતો અને પંજાબી વાદ્યોથી સંગીતકાર રાઘવ સચરે કર્ણપ્રિય સંગીત આપ્યું છે. એકાદ ગીત પોપ્યુલર થઈ શકવાની સમર્થતા ધરાવે છે.

મહેશચંદ્ર ભટ્ટની સિનેમેટોગ્રાફી ખૂબ જ સામાન્ય કક્ષાની છે. ગ્રામીણ પંજાબ, ચંડીગઢ અને શિમલા જેવા લૉકેશન્સ હોવા છતાં ફિલ્મ લગ્નનાં મંડપ, ઘર અને હૉટેલના રૂમમાંથી બહાર જ નિકળતી નથી.

અભિષેક શેઠના ચુસ્ત અને પ્રૉફેશનલ એડીટીંગમાં દિગ્દર્શક અને કેમેરામેન તથા અભિનેતાઓની ઘણી ક્ષતિ છતી થતાં રહી ગઈ છે. રેખા ચિની પ્રકાશની કૉરિયોગ્રાફી ઝમકદાર છે. પુલકિત સમ્રાટને આખી ફિલ્મ ફળે તો પણ રેખા ચિની પ્રકાશના નૃત્ય દિગ્દર્શનમાં તેના પરફૉર્મન્સની નોંધ તો લેવાશે જ.

ટૂંકમાં દિગ્દર્શક, અભિનેતા, અભિનેત્રી, વાર્તા, કેમેરાવર્ક અને સંગીત બધું જ સામાન્ય કક્ષાનું ધરાવતી આ ફિલ્મ અસામાન્ય હોય એવી તો અપેક્ષા રાખવી જ અસ્થાને કહેવાય. એટલે જ ફિલ્મ છે. દેખે ઉસકા ભી ભલા, ન દેખે ઉસકા ઔર ભલા...!!!